History

E-ISSN No : 2581-6195 | Volume : 7 | Issue : 8 | August 2024

# હિન્દુ કોડ બિલ અને ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનું યોગદાન

**ચૌહાણ ભરત જીતેન્દ્ર કુમાર[૧], ડૉ. જયેશકુમાર એચ. વાઘેલા[૨]**

**પ્રસ્તાવના:**

ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકર દ્વારા સ્ત્રી સશક્તિકરણ માટે કરેલ કામગીરી અને તેઓનો સ્ત્રીઓના હક્કો માટે કરેલો સંઘર્ષ અને યોગદાન ખૂબ મહત્વનું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે, સ્ત્રીઓના હક માટે બંધારણીય દ્વારા તેમજ હિન્દુ કોડબિલ દ્વારા મહત્ત્વપૂર્ણ કામગીરી કરેલ છે. બંધારણમાં અલગ-અલગ ધારા અને અનુચ્છેદ દ્વારા સ્ત્રીઓના હક્કો અપાવવામાં તેઓનું અનેરું યોગદાન છે.

**હિન્દુ કોડબિલ અને ડૉ.ભીમરાવ રામજી આંબેડકર:**

૧૯મી સદીમાં ભારતમાં થયેલા સમાજીક અને ધાર્મિક સુધારા આંદોલનથી ભારતીય સમાજમાં સામાજિક અને ધાર્મિક સુધારાઓની શરૂઆત થઇ હતી, જેને અંગ્રેજોના સહકારના કારણે વેગ મળ્યો હતો. ભારતમાં સામજિક પરીવર્તનની શરૂઆત લોર્ડ હેસ્ટીંગથી થઇ હતી અને ભારતમાં બ્રિટિશ શાસન અંત સુધી કોઈને કોઈ સ્વરૂપે ચાલુ રહી હતી. અંગ્રેજોના સમયમાં પણ હિન્દુ કોડની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી કારણ કે ભારતની ધાર્મિક હિન્દુ સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રમાં વિરોધાભાસ હતો. આ ઉપરાંત કાયદા કરતા રીવાજો અને પરંપરાઓ વધુ મહત્વનાં હતા. ધર્મશાસ્ત્ર અનુસાર "રૂઢીવિદેરગરીયાસ એટલે કે રિવાજો કાયદાઓ કરતા પણ વધુ શક્તિશાળી છે" આવી પ્રથા હતી. હિન્દુ ધર્મમાં લગ્ન, ઉત્તરાધિકારી અને દત્તક લેવાની કોઇ કાનૂની વ્યવસ્થા ન હતી. એક હિન્દુ સો લગ્ન કરી શકતો હતો. ઉચ્ચ સવર્ણ હિન્દુઓમાં વિધવા પુન:લગ્ન પ્રચલિત ન હતા અને જો કોઈ વિધવા લગ્ન કરે છે, તો તેના બાળકને ગેરકાયદેસર જાહેર કરવામાં આવતા. હિંદુંઓ પાસે અન્ય ધાર્મિક અનુયાયીઓની જેમ કોઇ અંગત કાયદો ન હતો. પરિણામે કાયદાકીય ક્ષેત્રેમાં તેની જરૂરિયાત ખૂબ જ ગંભીરતાથી અનુભવાઈ રહી હતી.

સૌ પ્રથમ બી.એન.રાવ અને સર અકબરી હૈદરિએ પ્રથમ વખત હિન્દુ કોડબિલનો મુસદ્દો તૈયાર કર્યો હતો. પરંતુ સફળતા મળી ન હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર કાયદાના જાણકાર અને સમાજશાસ્ત્રી હતા. તેથી ડૉ.બાબાસાહેબ આંબેડકરે તેમાં સુધારા કર્યા હતા અને ઘણાં પાસાઓને વધુ શક્તિશાળી સ્વરૂપમાં રજુ કર્યા અને તેઓ વ્યવસ્થિત રીતે રજુ કરવાની ક્ષમતા ધરાવતા હતા. તેમને આ હિન્દુ કોડબિલની રજૂઆતમાં ખૂબ જ રસ હતો. તેથી તેમણે એમ પણ કહ્યું હતું કે 'મને ભારતીય બંધારણના નિર્માણ કરતા હિન્દુ કોડ બિલ પસાર કરવામાં વધુ રસ છે અને હું તેમાં આનંદ અનુભવું છું'. સ્વાભાવિક રીતે એક સમાજશાસ્ત્રી આવો ક્રાંતિકારી વિચાર ધરાવી શકે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે હિન્દુ કોડબિલને નવા આકારમાં સુધારો કર્યો. જેમાં નવ (૯) ભાગમાં, ૧૩૯ વિભાગો અને ૭ પરિશિષ્ટ હતા. મહિલાને મિલકતમાં સમાન હિસ્સો, દીકરીઓને પિતાની મિલકતમાં હિસ્સો, એક પત્નીત્વનું બંધન, આંતરજ્ઞાતીય લગ્નોને માન્યતા, ઉત્તરાધિકાર, મિલકતમાં ભાગીદારી, ગેરકાયદેસર પતિ કે પત્નીથી જીવનમાંથી છૂટાછેડા લેવો માટેની શરતો,. દત્તક લેવાની શરતો, દત્તક લેવાયલ પુત્રને સંપતિમાં હિસ્સો વગેરે સામાજિક વિષયો પર ઉડાણપૂર્વક ચિંતન અને મનન કરી રાવ સમિતિ દ્વારા બનાવેલ કાયદામાં સુધારાઓ કરી, એક નવી 'ભીમ' સ્મૃતિની રચના કરી હતી. ૧૧ જૂન,૧૯૫૦ના રોજ મુંબઈની સિદ્ધાર્થ કોલેજમાં આયોજીત વિદ્યાર્થી સંસદ સમક્ષ આપવામાં આવેલ વિશેષ વ્યાખ્યાનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે હિંદુ કોડબિલનું વિગતવાર વિશ્લેષણ કર્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરને તદન નવા જ પ્રકારના વિરોધનો સામનો કરવો પડ્યો અને તે બંધારણના હિન્દુકોડ બિલનો. બાબાસાહેબની ઈચ્છા, હિન્દુ કાયદાને બરાબર સંગઠિત કરી અને સમગ્ર દેશને લાગુ પાડી શકાય તેવા યુનિફોર્મ સિવિલ કોડની (સમાન નાગરિક સંહિતા) રચના કરવાનો હતો. સંયુક્ત કુટુંબ, મિલકત, વારસાહક, દત્તક વગેરે હિન્દુ કોડ બિલમાં હાથ ધર્યા હતા. સ્ત્રીઓને વારસા હક આપ્યા, પિતાની મિલકતમાં સરખી ભાગીદારી, લગ્ન વિચ્છેદનો સ્ત્રીઓને અધિકાર આપ્યો, લગ્નમાં એક પત્નીવ્રત ઉપર ભાર મૂક્યો તેમજ સ્ત્રીઓને જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર આપ્યો. જેથી તે પુરુષ સમાન શક્તિ કેળવી શકે. હિન્દુ કોડ બિલે સ્ત્રીઓને સામાજિક સમાન દરજ્જો, સ્વાભિમાનભર્યું સ્થાન અને મોભો આપ્યો. આર્ટીકલ ૧૪, ૧૫(૩), ૫૧(એ), દ્વારા સમાન આર્થિક તકો સ્ત્રીઓ ભોગવી શકે છે. વર્ગ, ધર્મ, જાતિના, જ્ઞાતિના ભેદભાવ વગર પ્રત્યેક સ્ત્રીને ૧૬,આર્ટીકલ દ્વારા નોકરી પ્રાપ્ત કરવાનો બંધારણીય અધિકાર આપ્યો.

હિંદું કોડ બિલ માટે સિલેક્ટ કમિટીએ ખુબ જ મેહેનત કરી હતી. સમિતિના સભ્યોએ મુબઈ, પુણે, દિલ્હી, અલ્હાદાબાદ, પટના, કલકતા, મદ્રાસ, નાગપુર, લાહોર વગેરે શેહેરોની મુલાકાત લીધી હતી. ત્યાં વિવિધ સંસ્થાઓના અધિકારીઓ અને વકીલોને મળ્યા. તેમની જુબાની લીધી. ૧૨૧ વ્યક્તિઓ અને ૧૦૨ સંસ્થાઓના ૨૫૭ પ્રતિનિધિઓ પાસેથી પુરાવા લીધા પછી, પ્રશ્નાવલિમાંથી મળેલા જવાબોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા પછી ૨૧ ફેબ્રુઆરી, ૧૯૪૭ના રોજ હિંદું કોડ બિલનો અંતિમ ડ્રાફ્ટ સરકારને રજુ કરવામાં આવ્યો. આજ ડ્રાફ્ટ હિંદુંકોડ બિલનાં નામે કેન્દ્રીય વિધાન સભામાં ૧૧ એપ્રિલ, ૧૯૪૭ રોજ જોગેન્દ્રનાથ મંડળે રજુ કર્યું હતું

સર બી.એન.રાવની આગેવાની હેઠળ સમિતિનાં સૂચનોને ધ્યાનમાં લીધા બાદ 'હિંદું કોડ બિલ' મુસદ્દો તૈયાર કર્યો. સૌ પ્રથમ ૧૧ એપ્રિલ, ૧૯૪૭ના રોજ જોગેન્દ્રનાથ મંડળ દ્વારા આ બિલ લોકસભામાં બિલ વિચારધારણા માટે મુકવામાં આવ્યું હતું. તેના પર કોઈ ચર્ચા થઇ ન હતી, કારણકે ૧૫, ઓગસ્ટ,૧૯૪૭ પહેલા સત્તાના હસ્તાંક્ષરની પ્રક્રિયા શરુ થઇ ગઈ હતી. આ ઉપરાંત હિન્દુકોડ બિલને અલગ-અલગ સમિતિઓ દ્વારા બનાવી પસાર કરવા માંગતા હતા. પરંતુ તેને પ્રસાર કરી શક્યા નહીં. ૩ ઓગસ્ટ,૧૯૪૭, આઝાદી પૂર્વે ભાવિ સ્વતંત્ર ભારતની પ્રથમ કેબીનેટ મંત્રીમંડળની રચના કરવામાં આવી હતી. જેમાં સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકરની નિમણુક થઇ હતી. કાયદા મંત્રી તરીકે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાની કામગીરી સાથે હિન્દુકોડ બિલ પસાર કરાવવાનું કામ પણ ડૉ.બાબાસાહેબ આંબેડકરના ખભા ઉપર આવી ગયું. સરકારે ફરીથી હિન્દુકોડ બિલની સમીક્ષા કરવા અને બિલને નવા સ્વરૂપમાં તૈયાર કરવા ડૉ.બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતામાં ફરી નવી સિલેક્ટર કમિટીની રચના કરી હતી. નવી સિલેક્ટ કમિટી હિન્દુ કોડ બિલમાં ફરી સુધારા કરી નવા રૂપમાં બિલ તૈયાર કરશે. આ સમિતિની જાહેરાત ૯ એપ્રિલ,૧૯૪૮ના રોજ કરવામાં આવી હતી. જેમાં કાયદાના નિષ્ણાતો, વિદ્વાનો અને સમાજ સુધારકોની સાથે મહિલા પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સભ્યોની સંખ્યા ૨૦ની હતી. આ બિલ ફરીથી નવી સીલેક્ટ સમિતિને આપવામાં આવ્યું. આ સમિતિએ કોર્ટના વિવિધ નિર્ણયો, પ્રીવી

[૧] પી.એચ.ડી સ્કોલર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, વિંઝોલ.
[૨] માર્ગદર્શક, એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ

***HOW TO CITE THIS ARTICLE:***
ચૌહાણ ભરત જીતેન્દ્ર કુમાર, ડૉ. જયેશકુમાર એચ. વાઘેલા (2024). હિન્દુ કોડ બિલ અને ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનું યોગદાન, International Educational Journal of Science and Engineering (IEJSE), Vol: 7, Issue: 8, 06-07

Research Paper

Copyright© 2024, IEJSE. This open-access article is published under the terms of the Creative Commons Attribution-NonCommercial 4.0 International License which permits Share (copy and redistribute the material in any medium or format) and Adapt (remix, transform, and build upon the material) under the Attribution-NonCommercial terms.

કાઉન્સિલના પરિણામ, રીવાજો, પરંપરા, ધર્મશાસ્ત્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ આ બિલની પુન: સમીક્ષા કરી અને તેમાં ઘણા ફેરફારો કર્યા હતા. રાવ સમિતિનું બિલ માત્ર 'વારસા' અને 'લગ્ન' માટેનું હતું. તે સંપુર્ણ હિંદુ કાયદા સંહિતા તરીકે અધૂરું હતું.

બી.એન.રાવ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરના બિલ વચ્ચે મહત્વપૂર્ણ અંતર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની સિલેક્ટ કમિટીએ આ બિલમાં ફરી સુધારો કર્યો અને સમગ્ર હિન્દુકોડ બિલ નવું બનાવ્યું. આ બિલની ૧૨ એપ્રિલ, ૧૯૪૮ના રોજ કેન્દ્રીય વિધાનસભામાં રજૂઆત કરી હતી. જે સમયાંતરે ડૉ. બાબાસાહેબના આંબેડકરના હિંદુકોડ બિલ તરીકે જાણીતું બન્યું હતું. હિંદુકોડ બિલ અને બાબાસાહેબ એક જ સિક્કાની બે બાજુ તરીકે ગણવામાં આવ્યા. બી. એન રાવ સમિતિના બિલનો જેટલો વિરોધ કરવામાં આવ્યો હતો, એનાથી પણ બમણો વિરોધ ડૉ.આંબેડકરના નવનિર્મત બિલનો કરવામાં આવ્યો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા આ બિલને કાયદાકીય ભાષામાં સુશોભિત કરવામાં આવ્યું હતું. સમાચારપત્રોમાં તેને 'આંબેડકરની સ્મૃતિ' નામથી સંબોધિત કરવામાં આવ્યું હતું. કાનૂન મંત્રી ડૉ.બાબાસાહેબ આંબેડકરે પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર હિન્દુકોડ બિલના દરેક વિભાગને ખુબ જ મહેનતથી ગોઠવ્યા હતા. ૨૧ ઓગસ્ટ, ૧૯૪૮માં ભારત સરકારે રાજપત્રમાં બિલને પ્રકાશિત કરી સમગ્ર જનતા સમક્ષ રજૂ કર્યું હતું. ડૉ.બાબાસાહેબ આંબેડકરની સિલેક્ટ સમિતિએ હિંદુકોડ બિલ લોકસભામાં રજુઆત કરતા પહેલા પૂર્વ તૈયારીઓ કરી લીધી હતી. ૭ ફેબ્રુઆરી, ૧૯૪૯ના રોજ કાયદા મંત્રી તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકરે લોકસભામાં હિંદુ કોડ બિલનો અંતિમ ડ્રાફ્ટ રજુ કર્યો હતો. સિલેક્ટ સમિતિના ૧૧ સભ્યોએ પણ આ બિલ ઉપર અલગથી તેમના વ્યક્તિગત મંતવ્યો રજુ કર્યા હતા. તે દિવસે લોકસભાની પ્રેક્ષક ગેલેરી મહિલા નિરીક્ષકોથી ભરેલી હતી. ડૉ.બાબાસાહેબે હિન્દુકોડ બિલ પર બે કલાક સંતોષકારક ચર્ચા કરી હતી. દિલ્હી 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' એ તેના ૧૬ ઓગસ્ટ,૧૯૪૮નાં અખબારમાં પ્રકાશિત કર્યું કે કાયદા મંત્રી, ડૉ.બી. આર આંબેડકર દ્વારા કેન્દ્રીય વિધાનસભામાં સિલેક્ટ સમિતિ દ્વારા સંશોધિત અને પરિવર્તિત હિન્દુકોડ બિલને રજુ કર્યું હતું. ફરીથી મૂળ બિલને નવી રીતે સુધારો કરવામાં આવ્યો છે અને તાર્કિક ધોરણે ક્રમિક રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તમામ પરંપરાગત કાયદાઓનો અભ્યાસ કર્યા બાદ આ બિલ તૈયાર થયું છે. આ બિલ સદીઓથી પ્રચલિત એવા જુના કાયદાઓની જગ્યા લેશે. લગ્નસંબંધી વિભાગોને પણ ફરીથી સુધારીને સુવ્યસ્થિત કરવામાં આવ્યા હતા. ન્યાયકીય છૂટાછેડા, વારસદારના અધિકારો, મિલકતના અધિકારો, દત્તક પુત્ર વગેરેની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. દત્તક સંબધી કાયદા હેઠળ દત્તક પુત્રની મિલકતનો અડધો ભાગ વિધવા સ્ત્રીને પણ મળશે. આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાવ સમિતિનું બિલ માત્ર 'વારસા' અને 'લગ્ન' માટેનું હતું. તે સંપુર્ણ હિંદુ કાયદા સંહિતા તરીકે અધૂરું હતું. સ્વતંત્ર ભારતમાં વ્યક્તિગત કાયદાના સંદર્ભમાં એક સંપૂર્ણ કાયદાની જરૂર હતી. નવા બિલમાં વારસદાર, દત્તક, લગ્ન, કાયદા, ઉત્તરાધિકારી, છૂટાછેડા, ભરણપોષણ વગેરે ઘણી બાબતો ધ્યાનમાં લેવાની જરૂર હતી. આ તમામ મુદાઓને આવરી લેતો એક જ કાયદો હોવો જરૂરી હતો. બી.એન રાવ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરના બિલ વચ્ચે આ મહત્વપૂર્ણ અંતર છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરની સિલેક્ટ કમિટીએ આ બિલમાં ફરી સુધારો કયો અને સમગ્ર હિન્દુકોડ બિલ બનાવ્યું.

**હિન્દુ સંહિતાના વિધાયક:**
ભારતીય હિન્દુ સમાજમાં રીતરિવાજો, રહેણીકરણી, ખોરાક-પોશાક, કુટુંબ વ્યવસ્થા અને પથ પરંપરાઓમાં અનેક વિવિધતા જોવા મળે છે. જન્મ-મરણ, ધોરણમાં, જ્ઞાતિભેદ, પ્રદેશ ભેદ, નીતિ નિયમો જુદા જુદા ચાલી રહ્યા છે. આ અંગે અનેક સ્મૃતિઓ અને સંહિતાઓ રચાયેલી છે પણ તેમાં એક સૂત્રતા જોવા મળતી નથી. સામાન્ય રીતે દરેક જ્ઞાતિ કે સમાજને તેનો પોતાનો કાયદો, પરંપરા અને જ્ઞાતી પંચો હોય છે. તેમના નિયમો પ્રમાણે સમગ્ર સામાજિક વ્યવહાર ચાલતો હોય છે. મુસ્લિમ સમાજમાં 'પર્સનલ લો' છે, તેવો હિન્દુ સમાજ 'પર્સનલ લો' નથી. હિંદુ સમાજને રૂઢી-રીવાજોમાંથી બહાર લાવવા માટે, હિંદુઓ વચ્ચે એકતા, એકસુત્રતા સધાય તે માટે કાયદાકીય જોગવાઈ ઉભી કરવી જરૂરી હોવાથી હિંદુ સંહિતા – હિન્દુકોડ બિલની રચના કરવી અનિવાર્ય હતી. જે કાર્ય સમાજ સુધારકો અને ક્રાંતિકારીઓ ન કરી શકયા, તે કાયદાની કલમ દ્વારા કરવા હિન્દુકોડ બિલની રચના કરવામાં આવી. ડૉ.બાબાસાહેબ ભારતની દબાયેલી કચડાયેલી તથા ગુલામીમાં સબડતી નારીને પુરુષોની જોહુકમીમાથી બચાવી જગત જનનીનું સ્થાન આપવા માંગતા હતા. તેઓ માનતા હતા કે સ્ત્રી સાંજનું આભુષણ છે અને કોઈપણ સમાજના ઉત્થાન-પતનની પારાશીશી તે સમાજમાં નારીનું સ્થાન કયાં છે, તેના આધારે નક્કી કરી શકાય છે. એટલે જ દલિતોના ઉત્થાનની સાથે સાથે સ્ત્રી ઉત્થાનનું કાર્ય પણ બાબાસાહેબે કર્યું હતું.

**હિન્દુકોડ બિલના વિરોધીઓ:**
હિન્દુકોડ બિલને પંડિત જવાહરલાલ નેહરૂ પોતાની સરકારની સિદ્ધિ માનતા હતા. તેઓએ જાહેરમાં અનેકવાર કહ્યું હતું કે હિન્દુકોડ બિલ પાર્લામેન્ટમાં પસાર કરાવીને જંપીશુ, ભલે સરકારનું ગમે તે થાય. ડૉ.બાબાસાહેબને વિશ્વાસ આપવામાં આવ્યો હતો કે તમે ચિંતા કરશો નહીં. પરંતુ આ બિલ સામે વિરોધ પ્રગટ કરનાર વ્યક્તિમાં ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, કન્યાલાલ મુનશી, પટ્ટાભી સીતારામ રમૈયા. અનંતશયનમ આયંગકર, સ્વામી કરર્યાત્રી, માધવ આચાર્ય, દેવંનાકા આચાર્ય, નીરજન દેવ, વગેરે દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. ડૉ.રાજેન્દ્ર પ્રસાદે તો આ બાબતે રાજીનામું આપવાની વાત કરી. આવા સજોગોમાં કોગ્રેસનું વિભાજન થાય તે પણ દેશ માટે આવકાર્ય ન હતું. આ સમયે બીજી મહત્વની બાબત એ હતી કે ૧૯૫૨માં ચુંટણી આવી રહી હતી.

**હિન્દુ કોડ બિલના સમર્થકો:**
હિન્દુ કોડબિલના કેટલાક સમર્થકો પણ હતા. ખાસ કરીને તે સમયના બાંધકામ પુરવઠા પ્રધાન એન.વી ગાડગીલે પાર્લામેન્ટમાં જણાવ્યું હતું. કે -'હિંદુ સંહિતા' તે ભારતીય બંધારણના ઉદાર તત્વો સમાનતા, બંધુતા, સ્વતંત્રતાના અમલ માટેની પહેલ છે. માત્ર જુનું એટલું સારું ગણી મૂકી રાખવું તે બુદ્ધિમાની નથી. હું જન્મે બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણના કર્મકાંડ કરતો નથી, જનોઈ પહેરતો નથી. ડૉ. હદયનાથ કુંઝરુ, પુના યુનિવર્સિટીના ઉપકુલપતિ, ડૉ.પી.વી કાણે, અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના પ્રમુખ જેવા નેતાઓએ સાથ સહકાર આપ્યો હતો. હિન્દુ સંહિતા'નો ઉગ્ર વિરોધ થવાથી અંતે નેહરુએ 'હિંદુ સંહિતા' નો એક ભાગ જે વિવાહ અને છૂટાછેડા અંગેનો હતો, તેને અલગ પાડીને તેને પસાર કરવાની સંમતિ આપી હતી. આ પરિસ્થિતિ સર્જાવાથી ડૉ. ભીમરાવ આંબેડકરે હતાશ થઈ ગયા હતા. હિંદુ માનસને બદલવું કે તેમની પરંપરાઓ ઉત્થાપી આદર્શ સમાજ સ્થાપવાનું તેમનું સ્વપ્ન રોડાઈ ગયું અને હિન્દુકોડ બિલના ટુકડા થયા. તેનો પ્રથમ ભાગ ૨૫ સપ્ટેમ્બરે ચર્ચા વિચારણામાં લેવાયો. આ વિવાહ અને છુટાછેડાના વિભાગમાં પણ ભારે ચર્ચાને અંતે માત્ર ૪ કલમો સ્વીકૃત કરવામાં આવી હતી. તેની મહત્વની કલમો કાયદાને દફનાવી દેવામાં આવ્યુ. આ ઘટનાની ડૉ.આંબેડકરનાં મન અને શરીર ઉપર ભારે અસર થઇ હતી. સમયાંતરે હિંદુકોડ બિલને ટુકડે ટુકડે સ્વીકારવામાં આવ્યું હતું જે નીચે પ્રમાણે છે.

- હિન્દુ વિવાહ વિધેયક- ૧૮.મે ૧૯૫૫
- હિંદુ ઉતરાધિકારી,વારસા વિધેયક-૧૭,જુન ૧૯૫૬
- હિન્દુ અલ્પ વયસ્કતા અને સંરક્ષણ વિધેયક-૨૫,ઑગસ્ટ ૧૯૫૬
- હિન્દુ દત્તક ગ્રહણ અને નિર્વાહ વિધેયક-૧૪, ડિસેમ્બર૧૯૫૬

આમ, હિંદુકોડ બિલ પસાર ન થતા નિરાશ, ડૉ. ભીમરાવ આંબેડકરે ૨૭ સપ્ટેમ્બર, ૧૯૫૧ના દિવસે મંત્રી મંડળમાંથી રાજીનામું આપી દિધું. પ્રત્યાઘાતમાં જણાવ્યું કે ઘણા સમયથી તેઓ આ પદનો ત્યાગ કરવા માગતા હતા. પરંતુ લોકસભાની છેલ્લા અધિવેશન સુધીમાં 'હિંદુ સંહિતા' પસાર થઈ જશે એ આશાએ બેઠા હતા.

**સંદર્ભ સૂચી:-**

૧. કીર ધનજય, ડો. બાબાસાહેબ આંબેડકર જીવન ચરિત્ર,' હિન્દી અનુવાદક, ગજાનન સુવે, પોપ્યુલર પ્રકાશન, ,મુંબઈ પ્રથમ આવૃત્તિ – ૧૯૯૬.
૨. ગજભિયે ડૉ. અનીલ, "હિંદુકોડ બિલ ઈતિહાસ અને સંઘર્ષ" (હિન્દી બુક), સમ્યક પ્રકાશન, પશીમ પૂરી, નવી દિલ્હી,પ્રથમ આવૃત્તિ -૨૦૧૫.
૩. વિધાવાચસ્પતિ શાસ્રી સોહનલાલ, "હિંદુકોડ બિલ અને ડૉ.આંબેડકર" (હિન્દી બુક), સમ્યક પ્રકાશન, પશીમ પૂરી, નવી દિલ્હી, ચોથી આવૃત્તિ – ૨૦૦૩.
૪. પરિહાર ડૉ. એમ.એલ, "બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ મિશન" (હિન્દી બુક), બુદ્ધ પબ્લીકેશન, જયપુર, પ્રથમ આવૃત્તિ – ૧૪ એપ્રિલ, ૨૦૧૭
૫. કણિક દેવેન્દ્ર, ખુમાણ મુળજી ભાઈ, "ડૉ.આંબેડકર જીવન કાર્ય", મહેન્દ્ર.પી શાહ પ્રકાશન, નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૧૯૯૩.